# જીલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી

જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, તાપી

**સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત**

(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગુજરાત સરકાર)

FIT INDIA

ફો.નં. ૦૨૬૨૬-૨૨૦૭૭૦ E-mail - dsdo-tapi@gujarat.gov.in

ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, મુસા રોડ, સરકારી લાઈબ્રેરીની પાછળ, વ્યારા ફાયર સ્ટેશનની બાજુમાં, વ્યારા, જિ. તાપી.


જા. નં.: 1804

તા.: 15 / 01 /૨૦૨૬

પ્રતિ,

જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી,

જિલ્લા રમત ગમત અધિકારીશ્રી,

તમામ ગુજરાત રાજ્ય ,

## સુધારો - ૨

વિષય:- ખેલમહાકુંભ-૨૦૨૫ રાજયકક્ષા રસ્સાખેચ અં-૧૭, ઓપન એજ, અબવ-૪૦ અને અબવ-૬૦ બહેનોની સ્પર્ધા કાર્યક્રમ.

સંદર્ભ:- ડાયરેક્ટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના પત્ર ક્રમાંક- એસ.એ.જી/ખે.મ.કુ.૨૦૨૫ /૨૦૨૫-૨૬/૪૭૪૪૭ થી ૪૭૫૫૨ તા.૨૪/૧૨/૨૦૨૫ અન્વયે

શ્રીમાન,

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર પ્રેરિત અને જિલ્લા રમત વિકાસ અધિકારી, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, તાપી (વ્યારા) દ્વારા આયોજીત ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજયકક્ષા રસ્સાખેચ અં-૧૭ ઓપન એજ, અબવ-૪૦ અને અબવ-૬૦ વર્ષથી ઉપરના બહેનો સ્પર્ધાનું આયોજન ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ,વ્યારા ખાતે કરવામાં આવનાર છે. જે સ્પર્ધાનો વિગતવાર કાર્યક્રમ નીચે મુજબ છે. જે આપના જિલ્લાના ઝોનકક્ષા વિજેતા ખેલાડીઓને જાણ કરશો તથા આપના જિલ્લાની ટીમની યાદીનું પ્રવેશપત્રો dsdo-tapi@gujarat.gov.in અને seniorcoach.tapi@gmail.com ઉપર ઇ-મેઇલ પર તા.૦૧/૦૨/૨૦૨૬ સુધીમાં અચુક મોકલી આપવા વિનંતી છે.

-:: રાજ્યકક્ષા રસ્સાખેચ અં-૧૭, ઓપન એજ, અબવ-૪૦ અને અબવ-૬૦ બહેનો સ્પર્ધાનો કાર્યક્રમ::-

| ક્રમ | વય જુથ (ઇવેન્ટ) | રિપોર્ટીંગ તારીખ અને સમય ( વજન ) | રિપોર્ટિંગ સ્થળ અને સ્પર્ધા સ્થળ | સ્પર્ધા તારીખ અને સમય |
|---|---|---|---|---|
| ૧ | ઓપન એજ બહેનો અને અબબ-૬૦ બહેનો | તા.૦૩/૦૨/૨૦૨૬ સમય:-સાંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ સુધી | ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ,વ્યારા, મુસા રોડ ,સરકારી લાઇબ્રેરીની પાછળ ,વ્યારા ફાયર સ્ટેશનની બાજુમાં,વ્યારા જી-તાપી | તા ૦૪/૦૨/૨૦૨૬ સમય:-૦૮:૦૦ થી શરૂ. |
| ૨ | અં-૧૭ બહેનો અને અબવ-૪૦ બહેનો | તા.૦૫/૦૨/૨૦૨૬ સમય :- સંજે ૦૪:૦૦ થી ૦૮:૦૦ સુધી | | તા.૦૬/૦૨/૨૦૨૬ સમય:-૦૮:૦૦ થી શરૂ. |

Scanned with OKEN Scanner

- સ્પર્ધા અને રિપોર્ટીંગ, નિવાસ સ્થળ:- ડિસ્ટ્રીક્ટ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ વ્યારા જિ.તાપી

કાર્યાલય સંપર્ક નંબર:- દીક્ષિત પટેલ :- ૯૮૭૯૫૩૬૬૬૮
ઉકેશ ગામીત :-૯૫૩૭૪૬૯૫૨૧

નિવાસ સંપર્ક નંબર :- ઓમ કોટવાલ :- ૯૬૬૨૪૮૯૬૦૦
રાહુલ ગામીત :-૮૧૪૧૨૬૭૫૫૦

નોંધ :- રિપોર્ટીંગ સમયે ઓછામાં ઓછા ૪ ખેલાડી ફરજીયાત હાજર હોવા જોઈશે. જો ૪ કરતાં ઓછા ખેલાડીઓ હાજર હશે તો ટીમનું રજીસ્ટ્રેશન થશે નહી.

## -: સ્પર્ધા અંગેની જરૂરી સૂચના :-

- ભાગ લેનાર ખેલાડીની સંખ્યા ૯ (નવ) અને સાથે ૧ (એક) મેનેજર અને ૧ (એક) કોચશ્રીએ આવવાનું રહેશે.૫
- પરિપત્રની એક નકલ ટીમ મેનેજરને અચૂક પણે આપવાની રહેશે અને એન્ટ્રીની ઓરીઝનલ નકલ પણ સાથે લાવવાની રહેશે.
- ખેલમહાકુંભ-૨૦૨૫ ના નિયમ મુજબ ૧૦ કોલમ સાથેનું એલીજીબીટી ફોર્મ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી અથવા જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કા અને શાળાના સહી સિક્કા સાથેનું લાવવાનું રહેશે.
- સ્પર્ધાને અનુરૂપ ગણવેશ પહેરવો ફરજિયાત છે. સ્પર્ધા સ્થળે/નિવાસ સ્થળે કોઇ પણ પ્રકારનું નુકશાન કરવામાં આવશે તો તે નુકશાનની પૂરેપુરી રકમ જે તે ખેલાડી/મેનેજરે ભરપાઇ કરવાની રહેશે. અને પ્રવાસ ભથ્થુ ચૂકવવામાં આવશે નહિ.
- ટીમ સાથે કોચ/મેનેજર તરીકે આવનાર વ્યક્તિએ જિલ્લા રમત ગમત અધિકારીશ્રી અથવા જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રીના સહી સિક્કાવાળો ઓર્ડર અને પસંદગી કરેલ ટીમની એન્ટ્રીની પ્રમાણીત કરેલ નકલ ફરજિયાત પણે સાથે લઇ આવવાની રહેશે..
- સ્પર્ધા દરમ્યાન જો કોઇ ઇજા કે જાનહાની થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ અને મેનેજરની રહેશે. સ્પર્ધા સ્થળે ઋતુ અનુસાર બેડીંગ સાથે લાવવું. તથા કોઇ પણ કિંમતી વસ્તુ સાથે લાવવી નહી અન્યથા તેની સંપૂર્ણ જવાબદારી જે તે ખેલાડી/કોચ/મેનેજરની રહેશે.
- ભોજન/નાસ્તા સમયે જે તે ટીમ સાથે તે ટીમના મેનેજર અને કોચ આવવાનું રહેશે. અને શિસ્તબધ્ધ રીતે વર્તવાનું રહેશે.
- જે સ્પર્ધકનું ઓન લાઇન રજીસ્ટ્રેશન કરેલ હશે અને તેનું નામ એન્ટ્રીમાં દર્શાવેલ હશે તેને જ ભાગ લેવા દેવામાં આવશે.
- જે તારીખે જે વયગૃપની સ્પર્ધા હોય તેમને જ આવવાનું રહેશે. અન્યથા નિવાસ/ભોજનની વ્યવસ્થા જાતે કરવાની રહેશે.
- પ્રવાસ ખર્ચના નાણાં મેનેજરના બેન્ક ખાતામાં કે ચેકથી ચૂકવવામાં આવશે. જેથી મેજનરે કેન્સલ ચેક અથવા બેન્ક ખાતાની વિગત સાથે લઇને આવવાનું રહેશે.

Scanned with OKEN Scanner

- મેનેજરે ખેલાડીઓના આવવા તથા પરત જવાના પ્રવાસ ભથ્થાની વ્યવસ્થા કરી આપવાનું રહેશે.
- સ્પર્ધા પૂર્ણ થયે તાત્કાલિક નિવાસ ખાલી કરી પરત ફરવાનું રહેશે.
- સ્પર્ધા સ્થળે આવવા નીકળતા પહેલા તથા સ્પર્ધા પૂર્ણ કરી પરત ફરી પોતાના નિવાસ સ્થળે પહોચયાની જાણ આગળ દર્શાવેલ સંપર્ક નંબરમાં ફોન કરી સ્પર્ધા અંગેની વિગતો જાણી નિકળવા માટેની સૂચના મેનેજરને આપવાની રહેશે.
- સ્પર્ધા નોકઆઉટ પધ્ધતિ થી રમાડવામાં આવશે જેની ખેલાડી, કોચ, મેનેજરે નોંધ લેવાની રહેશે.
- રાજ્ય કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા જવા માટે ખેલાડી, કોચ –મેનેજરે બસ, રેલ્વે અને અન્ય સરકારી ટ્રાન્સપોર્ટનો જ ઉપયોગ કરવાનો રહેશે. અન્યથા આયોજક તરફથી પ્રવાસ ખર્ચ આપવામાં આવશે નહી.
- ખેલાડીઓએ સ્પર્ધામાં આવવા પહેલા વાલીની સંમતિ પ્રમાણપત્ર લાવવાનું રહેશે.

જિલ્લા રમત ગમત અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
તાપી(વ્યારા)

જિલ્લા રમત વિકાસ અધિકારી
જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર
તાપી(વ્યારા)

નકલ સવિનય રવાના જાણ સારૂ:

૧) માન.અગ્ર સચિવશ્રી, રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર.
૨) માન.ડાયરેકટર જનરલશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૩) માન.કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ,ગાંધીનગર.
૪) માન.કલેક્ટરશ્રી, તાપી-વ્યારા.
૫) માન.જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તાપી-વ્યારા.
૬) માન.જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી, તાપી-વ્યારા.
૭) માન.સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત,ગાંધીનગર.
૮) માન.સચિવશ્રી, રાજ્ય રમત ગમત પરિષદ,યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ,ગાંધીનગર.
૯) માન.જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તાપી-વ્યારા.
૧૦) માન. જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તાપી-વ્યારા
૧૧) માન.સિવિલ સર્જનશ્રી, સ્પર્ધા સ્થળ ઉપર ૧૦૮ની સેવાઓ પૂરી પાડવા માટે.
૧૨) માન. આરોગ્ય અધિકારીશ્રી, તાપી-વ્યારા (સ્પર્ધા સ્થળે મેડીકલ ટીમ ઉપસ્થિત રાખવા માટે)
૧૩) માન.નાયબ માહિતી નિયામકશ્રી, સ્પર્ધાની બહોળી પ્રસિધ્ધિ કરવા સારૂ.
૧૪) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી, ગુજરાત રાજ્ય રસ્સાખેચ એસોશિએશન.
૧૫) માન.પ્રમુખશ્રી/મંત્રીશ્રી,વ્યાયામ શિક્ષક સંઘ, તાપી જિલ્લો.
૧૬) માન. નોડલ અધિકારીશ્રી/હેડ કોચશ્રી, ખેલમહાકુંભ-૨૦૨૫ રસ્સાખેચ સ્પર્ધા.
૧૭) માન. જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા યુવા વિકાસ અધિકારીની કચેરી, તાપી

Scanned with OKEN Scanner